RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 245* Date: 02.07.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

**આ રથયાત્રામાં પહેલી જ વખત ભગવાનને અસલ હીરાનું તિલક કરાયુ, જગન્નાથજી મંદિરના મંહત દિલિપદાસજીનું મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના નેતાઓએ સ્વાગત કર્યું**

# ભગવાન જગન્નાથજી નગરચર્યાએ, ભક્તોના ઘોડાપૂર








**પોલીસ કમિશ્નર દ્વારા પરવાનગી અપાતાં રથયાત્રા અસલ પરંપરાગત માર્ગો પર જ ફરશે : જેમાં અગ્રભાગમાં ૧૮ શણગારેલા ગજરાજો ૧૮ ભજન મંડળીઓ : ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતી ૧૦૧ ટ્રકો : અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા : ૩ બેન્ડવાજાવાળા**

અમદાવાદ

વર્ષના ૩૬૫માંથી ૩૬૪ દિવસ એવા હોય છે જેમાં ભક્ત ભગવાનના દર્શન માટે જતો હોય છે.જ્યારે ભગવાન નગરચર્યાએ નીકળીને ભક્તોને દર્શન કરવા માટે આવે છે. આવો અનોખો પર્વ એટલે રથયાત્રા. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા, ભાઈ બલરામની ૧૪૫મી રથયાત્રા નીકળી. કોરોનાને પગલે ૨૦૨૦માં ત્રણેય રથને મંદિર પરિસરમાં જ પરિક્રમા કરવી પડી હતી. જ્યારે ૨૦૨૧માં ભક્તો વિના જ રથયાત્રા યોજાઈ હતી. પરંતુ આ વખતે બે વર્ષ બાદ સેંકડો ભક્તોની ઉપસ્થિતિમાં જગતના નાથ નગરચર્યાએ નીકળી છે. જેના કારણે આ વખતે ભક્તોનો ઉત્સાહ બેવડાયો છે. રથયાત્રાનો સમગ્ર રૂટ 'જય રણછોડ' ના નાદથી ગૂંજી ઉઠ્યું છે. મુખ્યપ્રધાને પહિંદવીધી કરીને રથ પ્રસ્થાન કરાવ્યું છે.

અમદાવાદ શહેર વિસ્તાર એવા ખાડિયામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહોંચી રહી છે. રથયાત્રા પહેલા અખાડોઓ ત્યાં પહોંચ્યા હતા. અખાડિયનોએ વિવિધ કરતબ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

સરસપુર, જમાલપુર, ખાડિયા, કાલુપુર, ઢાળની પોળ અને કોર્પોરેશન વિસ્તારમાં હળવા વરસાદની શરૂઆતજગ્ન્નાથજી મંદિરના મંહત દિલિપદાસજીનું મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના નેતાઓએ સ્વાગત કર્યું હતું.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં મગના પ્રસાદનું અનેરુ મહત્વ રહેલુ છે. રથ યાત્રામાં સામેલ ૧૦૧ ટ્રકમાં કેટલીક પ્રસાદની ટ્રક પણ હોય છે. ખમાસા ખાતે જ્યારે મગના પ્રસાદ ભરેલી ટ્રક પસાર થઈ તે સમયે શ્રદ્ધાળુઓ મગ, કાકડી અને જાંબુના પ્રસાદ માટે અધિરા જોવા મળ્યા.અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ડ્રોન દ્વારા પણ નજર રાખવામાં આવી રહી છે..ત્યારે ડ્રોનની તસવીરો સામે આવી છે.જેમાં રથયાત્રામાં હૈયે હૈયુ દળાય તેવી ભીડ અને ભક્તોનો ઉત્સાહ જોવા મળ્યો છે. આ સાથે જ સઘન પોલીસ બંદોબસ્ત પણ જોવા મળ્યો.અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાતાર દરમિયાન મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડતુ હોય છે..તે સમયે કોઈ બાળક પરિવારજનોથી વિખુટુ પડી જાય તો પરિવાર સાથે ફરી મિલન કરવવા માટે મહાપાલિકા તંત્રએ ખાસ વ્યવસ્થા કરી છે..તો સાથે જ ભીડમાં કોઈ બેહોશ થઈ જાય તો તે માટે પણ તાત્કાલીક સુવિધા સહિતની વ્યવસ્થા કોર્પોરેશન કરી હતી.ભગવાન જગન્નાથજીની રથયાત્રા ખમાસા ખાતે મહાપાલિકા કચેરી પહોંચે તે પહેલા ત્યાં ઉપસ્થિત કોર્પોરેટર અને તના પરિવારજનો ગરબે ઘુમ્યા હતા..ભગવાનના



















મોસાળ સરસપુર ખાતે રથયાત્રાનો માહોલ જામ્યો છે. બહોળી સંખ્યમાં ભક્તો અને સ્થાનિકો દર્શનાર્થે પહોંચ્યા છે. ટ્રકો, અખાડા પણ પહોંચ્યા છે. ભજન મડળીઓ પણ આગળ વધી રહી છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં અખાડાઓ નું વિશેષ મહત્વ છે.આ વર્ષે ૧૮ અખાડાઓ રથયાત્રામાં સામેલ થયા. અખાડિયનોના વિવિધ કરતબોએ સૌ કોઈમાં આકર્ષણનુ કેન્દ્ર જમાવ્યુ છે.ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભારતીય સંસ્કૃતિની ઝલક દર્શાવતા ૧૦૧ ટ્રક પણ સૌના આકર્ષણનું કેન્દ્ર બનતા હોય છે. ત્યારે આ ટ્રક ખાસા વિસ્તારમાં પહોંચ્યા તે સમયે શ્રદ્ધાલુઓ શણગારેલા ટ્રકમાંથી પ્રસાદ લેતા જોવા મળ્યા હતા.તો સાથે જ લોકો શણગારેલા ટ્રકની તસવીરો પણ લેતા જોવા મળ્યા. અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રામાં સૌથી આકર્ષણનું કેન્દ્ર બનતા ગજરાજ જ્યારે મહાપાલિકા કચેરી પહોંચ્યા હતા. અને નાના બાળકોથી લઈને મોટેરા સૌ કોઈ શણગારેલા ગજરાજ જોઈને તેની સાથે તસવીર લેવા તડપાપડ જોવા મળ્યા.ત્રણેય રથ પ્રસ્થાન કરી ચૂક્યા છે. રથયાત્રા ધીમે ધીમે પોતામા રૂટ પરઆગળ વધી રહી છે. સુશોભિત ટ્રકો, અખડાઆઓ, સાધુ સંતો અને ભક્તો ઉલ્લાસ ભેર રથયાત્રામાં જોડાયા છે. બીજી તરફ પોલીસની પણ ચાંપતિ નજર છે. જયરણછોડ માખણચોરના નાદ સાથે ભક્તો રથયાત્રાનો આનંદ લઈ રહ્યાં છે.અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની નગરચર્ચાને લઈને મંદિરના મંહત ટ્રસ્ટીઓ દ્વારા એક બાદ એક ભગવાનની પ્રતિમાને મંદિરના ગર્ભગૃહમાંથી રથમાં બિરાજીત કરવામાં આવી. સૌ પ્રથમ ભગવાન જગન્નાથજ બાદમાં બહેન સુભદ્રાજી અને બાદમાં ભાઈ બલભદ્રજીને મંદિર પરિસરમાં મુકાયેલા રથમાં લાવવામાં આવ્યા આ સમયે ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા.ગુજરાતમા પારંપારિક ગરબાનું અનેરુ મહત્વ છે..અને કૃષ્ણ ભક્તિમાં રાસનું મહત્વ છે. ભગવાન જગન્નાથજી રથમાં બિરાજમાન થઈને નગરચર્ચાએ નીકળે તે પહેલા મંદિર પરિસરમાં રાસ મંડળી જૂથ દ્વારા રાસ ગરબા યોજવામાં આવ્યા હતા.ગુજરાતના ભાતિગળ સાંસ્કૃતિની ઓળખ સમાન રાસ ગરબાની રમઝટથી લોકોમાં ખુશી જોવા મળી.મોસાળ સરસપુરમાં લાડ લડાવતા જગતના નાથનું ભવ્ય અને સુંદર મામેરું કરવામાં આવ્યું. આ વર્ષે મામેરું કરવાનો અવસર રાજેશભાઈ પટેલ અને તેમના પરિવારને મળ્યો છે. આ વખતે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના મામેરાની થીમ અલગ રાખવામાં આવી છે. ભગવાનના વાઘા માટે મોરપીંછ રંગ પસંદ કરવામાં આવ્યો છે. ભગવાનના વાઘા અને આભૂષણમાં કમળ અને ગાયના પ્રતિક રાખવામાં આવ્યા છે. કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી ભક્તો ભગવાનના મામેરાના દર્શનથી વંચિત રહ્યા હતા. આથી આ વખતે જગન્નાથજીના મામેરાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ છે.અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને પોલીસ દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલીસ દ્વારા ઉચ્ચ ટેક્નોલોજીની મદદ લેવાની સાથે ૨૫ હજારથી વધુ પોલીસ જવાનો બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા. રથયાત્રામાં પેરામિલિટરી સહિત એસઆરપી અને ચેતક કમાન્ડો પણ પણ સંવેદનશીલ વિસ્તારોમાં બંદોબસ્તમાં તૈનાત છે.

**નૂતન વર્ષે કચ્છી સમાજના સૌ ભાઈઓ-બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી**

# અમદાવાદમાં જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રામાં પહીંદ વિધિ કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ...





અમદાવાદ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદની ૧૪૫મી જગન્નાથજીની રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન કર્યું હતું. મુખ્યમંત્રીને સૌપ્રથમ વખત ભગવાન જગન્નાથની રથયાત્રાની પહિન્દ વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અષાઢી બીજે પરંપરાગત યોજાતી રથયાત્રામાં આ વર્ષે ભગવાનના રથની સોનાની સાવરણીથી સેવા સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજે કચ્છી નૂતન વર્ષ અવસરે કચ્છી સમાજના સૌ ભાઈ બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ગઈકાલે ફરી વાર કરવામાં આવેલો કોવિડ ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આમ પણ તેઓને કોરોનાનાં માત્ર હળવા લક્ષણો જ હતાં અને તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ જ હતા. ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં દર વર્ષે પરંપરા પ્રમાણે મુખ્યમંત્રીશ્રી ભગવાનના રથની સોનાની સાવરણીથી પહિંદ વિધિ સંપન્ન કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવતા હોય છે. આ પરંપરાને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે ૧૪૫મી રથયાત્રામાં મુખ્યમંત્રી તરીકે પ્રથમ વાર પહિંદવિધિ કરીને રથયાત્રાને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવીને દાયકાઓ જૂની પરંપરા જાળવી રાખી છે. મુખ્યમંત્રીશ્રી અષાઢી બીજના આજના અવસરે વહેલી સવારે અમદાવાદમાં જગન્નાથ મંદિર પહોંચ્યા હતા અને ભગવાન જગન્નાથજીના પૂજન અર્ચન કરીને ભગવાનના મુખ્ય રથને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવવા મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વ નિમિત્તે સૌ નાગરિક ભાઈ-બહેનોને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે જગન્નાથજી સૌ પર કૃપા આશીષ વરસાવે અને સમાજ જીવનમાં સૌને આરોગ્ય સુખાકારી, સમૃદ્ધિ અને સુખશાંતિ આપે તેવી પ્રાર્થના તેમણે કરી છે.ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ભગવાન જગન્નાથજી આજે શહેરના નાગરિકોને દર્શન આપવા નગરચર્યાએ નીકળ્યા છે. સમગ્ર નગરજનો ઉત્સાહથી જગતના નાથને આવકારવા આતુર છે. વધુમાં તેમણે કહ્યું કે, આજે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ ભગવાનના દર્શન કરવા પધાર્યા હતા અને મંગળા આરતી કરી હતી અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ પરંપરાગત પહિંદ વિધિ કરી હતી.ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ રથયાત્રા સંદર્ભે સુરક્ષા વ્યવસ્થાનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, આ યાત્રામાં ગુજરાત પોલીસ દ્વારા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ રથયાત્રા એ આસ્થા અને વ્યવસ્થાનું કેન્દ્ર બની રહેશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ દ્વારા સંપુર્ણ રૂટમાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર યાત્રાના રૂટમાં ૨૫ હજાર જેટલા પોલીસ કર્મીઓ ખડેપગે તૈનાત રહેશે.આ અવસરે મહંતશ્રી દિલિપદાસજી, ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રી કિરીટભાઈ પરમાર તેમજ ભાજપ અગ્રણીઓ અને અન્ય પદાધિકારીઓ - શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમિત શાહે જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા







અમદાવાદ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ૧૪૫મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા.

અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન એવી રથયાત્રાના પાવન અવસરે આજે વહેલી સવારે મંગળા આરતીમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા. સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, પૂર્વ ગૃરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિએ ભક્તજનોનો ઉત્સાહ વધાર્યો હતો. ભગવાન જગન્નાથ પ્રતિવર્ષ પોતાના ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે, ઉલ્લેખનીય છે કે દેશભરમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દ્રઢ આસ્થા છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અમદાવાદ જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરીને ભગવાન જગન્નાથના આશીર્વાદ મેળવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ



પ્લાસ્ટિકની શોધ ઈ.સ ૧૮૬૨માં ઈગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે.આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહયા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝ માત્ર એક મીનિટમાં થઈ જાય છે પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. સરકારે પણ સિંગલ યુઝડ પ્લાસ્ટિકથી બનેલી ૧૯ જેવી પ્રોડેકટસ પર પ્રતિબંધ મુક્યો છે. જેમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, સટ્રો, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો સમાવેશ થાય છે. હવે જાગૃત થવાનો વારો લોકોને છે. પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર
કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ

-મિત્તલ ખેતાણી( મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# લશ્કરી ભરતી પૂર્વે ૩૦ દિવસ નિવાસી તાલીમ વર્ગ આહવા ખાતે યોજાશે

આહવા

જિલ્લા રોજગાર કચેરી આહવા ડાંગ દ્વારા આયોજિત, લશ્કરી ભરતી પૂર્વે ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગ જેમાં શારીરિક કસોટી અને લેખિત કસોટીની તૈયારી કરાવવા માટેના તાલીમ વર્ગો (રહેવા જમવાની સુવિધા સાથે) આહવા ખાતે સંચાલિત કરવામાં આવનાર છે, જેમાં ડાંગ જિલ્લાના ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી આહવા ખાતે તાલીમ માટે નીચે આપેલ દસ્તાવેજોની નકલ આધાર કાર્ડ, એલ.સી, જાતિનો દાખલો, બેંક પાસબુક, પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે રોજગાર કચેરી ખાતે નામ નોંધાવી જવા માટે જિલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર (ડાંગ)

# ગારીયાધારના રૂપાવટીનું હિન્દુ સમાજનું આંદોલન ચોથા દિવસમાં પ્રવેશ્યું

ભાવનગર

જિલ્લાના ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના રૂપાવટી ગામે એક મહિના પહેલાં એક મુસ્લિમ વ્યક્તિનું મરણ થતાં મુસ્લિમ સમાજના લોકોએ ગામમાં પોતાનું કબ્રસ્તાન હોવા છતાં હિન્દુ રહેણાક વિસ્તારની બાજુમાં તેની દફનવિધિ કરી દેતાં. સમગ્ર હિન્દુ સમાજમાં રોષ ફાટી નીકળ્યો હતો. ગામ લોકોએ માંગ કરી હતી કે દફન કરાયેલ શબને તેની નિયત કરેલી જગ્યામાં પુન:દફનવિધિ કરવામાં આવે આ મતલબનું આવેદન પત્ર પણ એક મહિના પહેલા સરકારી તંત્રને આપી દેવામાં આવ્યું હતું. પણ હજું સુધી તંત્રે કોઈ પગલાં લીધા નથી.

આ બાબતે ગામના અગ્રણી શ્રી વિક્રમસિંહ ગોહિલે કહ્યું કે કેટલાક હિત શત્રુઓ આ દફનવિધિ આ જગ્યાએ કરીને હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તે માટે પ્રયત્નો કરે છે. તેથી તાત્કાલિક આ શબને યોગ્ય રીતે દફન કરવાં અમો માંગ કરી રહ્યાં છીએ. ગામના બીજા અગ્રણી શ્રી મહાવીરસિંહ ગોહિલે કહ્યું કે અમોએ આ અંગે નિભર તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં પ્રશ્નનો ઉકેલ નહીં આવતાં અમારે ૨૮ તારીખથી ઉપવાસ પર બેસવાની જરૂર પડી છે. દરરોજના લગભગ ૫૦ વ્યક્તિઓ આમરણાતં અમરનાથ ઉપવાસ કરે છે. જેની યાદી મામલતદાર શ્રીને સુપ્રત કરી છે. અમો ગારિયાધાર મામલતદાર કચેરીની બહાર આ અંગેનું આંદોલન ચલાવી રહ્યાં છીએ. આગામી દિવસોમાં આ પ્રશ્નને ઉકેલવામાં તંત્ર જો દૂર્લ સેવશે તો અમો આનાથી પણ વધુ ઉગ્ર પગલાં ભરીશું. ગારિયાધાર ખાતે રોજ રુપાવટી ગામના ૫૦૦ લોકો હાજર રહી પોતાનો વિરોધ પ્રગટ કરી રહ્યા છે. ચાર દિવસથી ચાલી રહેલાં આંદોલનમાં અનેક લોકોએ ઉપવાસી છાવણીની મુલાકાત લઈને પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. આટલાં દિવસો થવાં છતાં સરકારી તંત્રએ બે જવાબદાર રીતે નિભરતા દાખવીને ગંભીર બેદરકારી દર્શાવેલ છે. સરકારના જવાબદાર લોકોએ કોઈ વિશેષ કામગીરી ન કરતા લોકોમાં નારાજગી જોવાં મળે છે.

# ગુરૂ વચનામૃત...

## સંતમિલન જેવું અન્ય કોઇ સુખ નથી.



હરિ-ગુરૂ અને સંતમાં કોઈ ભેદ હોતો નથી. સંતનો સંગ મળે તો લાગેલા કાળા દાગ મટી જાય છે, કષ્ટ ક્લેશ દૂર થાય છે કેમ કે સંત સાગર જેવા વિશાળ હોય છે. સાચા સંત જિજ્ઞાસુઓને ત્રણ ગુણોથી પર કરી ત્રિગુણાતીત પ્રભુ પરમાત્માનાં દર્શન કરાવી, હૃદયમાં અલૌકિક પ્રકાશ(જ્ઞાન રોશની)થી જીવન ભરી દે છે. સંત એક એવો અથાહ સાગર હોય છે કે જે આદિ અંતથી પર હોય છે. સંતોના ગુણોની ગણતરી કરી શકાતી નથી. સંત અને પરમાત્મામાં સહેજપણ ભેદ હોતો નથી. આનો અર્થ એ થાય કે સંત, જ્ઞાની ભક્ત, તત્વજ્ઞ અને ભગવાનમાં સહેજપણ ભેદ હોતો નથી. પૈસાથી બધુ ખરીદી શકાય છે પરંતુ પ્રેમ નમ્રતા સહનશીલતા ખરીદી શકાતી નથી, તે તો સંત મહાત્માઓના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે. જ્ઞાનને પ્રાપ્ત કરવું એ જ સંતની ઓળખાણ નથી પરંતુ જ્ઞાન મુજબ આચરણ કરવું એ જ સંતની ઓળખાણ છે. સંત પોતાને નહી પરંતુ પોતાના લક્ષ્યને પ્રગટ કરે છે. સંત મહાત્માઓની ઓળખાણ તેમનું નેક કર્મ, ત્યાગ, વિશાળ હૃદય, સમદ્રષ્ટિ અને સમર્પણ ભાવ છે. નમ્રતાથી જ જીવનમાં નિખાર આવે છે. સંત હંમેશાં નમ્રતામાં જ રહે છે. પોતાના માટે વારંવાર પ્રભુની પાસે માંગવું એ માંગણનું કામ છે. બીજાના માટે માંગવું એ સંતનું કામ છે. સંત મહાત્માઓના આ કથનમાં ખૂબ ગૂઢાર્થ છુપાયેલો છે કે એવી અલૌકિક વિભૂતિ જેના દર્શન કરવાથી પરમાત્માની યાદ આવી જાય તેને સદગુરૂ કહેવામાં આવે છે અને જેને જોઈને સદગુરૂની મહીમા યાદ આવી જાય તેને સાચો શિષ્ય(ગુરૂમુખ) કહેવામાં આવે છે. સંત મહાપુરૂષના હૃદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ.. નમ્રતા..સમદ્રષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હોય છે. ઈશ્વર સમહૃદય છે. અમારે પણ અમારા જીવનમાં સમદ્રષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે. સંત મહાપુરૂષોનું ચિત્ત પરમાત્મામાં જોડાયેલું હોવાથી બીજી કશી વસ્તુની તૃષ્ણા હોતી નથી. તેમનું અંતઃકરણ સર્વથા શાંત હોય છે. તેઓ સર્વમાં અને સર્વત્ર પરમાત્માને જુવે છે. મમતા અને અહંકારથી તેઓ પર હોય છે. ઠંડી-ગરમી, સુખ-દુ:ખ..વગેરે દ્વન્દ્રો તેમને સ્પર્શી શકતા નથી અને તેઓ કોઈપણ પ્રકારનો સંગ્રહ કરતા નથી. સ્વભાવને સુધારે તે સંત બને છે. સંતની પરીક્ષા આંખ અને મનોવૃત્તિ ઉપરથી થાય છે. સંત પોતાની આંખને ઈષ્ટદેવમાં રાખે છે. સંતો મનને પરમાત્માના ચરણમાં, પરમાત્માના નામમાં, ધામમાં રાખે છે. સંત થવા માટે દાઢી-જટા વધારવાની જરૂર નથી. સુખ-દુ:ખમાં જેની મનોવૃત્તિ એકસરખી રહે છે તે સંત છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં જેનું મન શાંત રહે છે તે સંત છે. સંત શોધવા ક્યાં જશો? તમે સંત થાઓ એટલે સંત મળશે. સંતને જોવાની દ્રષ્ટિ જોઈએ. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. સાચી સમજ..સંતમિલન જેવું અન્ય કોઇ સુખ નથી. બ્રહ્મજ્ઞાની સંત-મહાપુરૂષોનો સંગ કરી તેમના ઉત્તમ ગુણોનું અનુકરણ-અનુસરણ કરવું. મન, વચન અને શરીરથી અન્ય પ્રત્યે ઉપકાર કરવો એ સંતોનો સહજ સ્વભાવ હોય છે. સંત અન્યના હીત માટે પોતે કષ્ટ સહન કરે છે. આજદિન સુધી જેટલા પણ તત્વદર્શી મહાન સંત થયા તે તમામ આદર્શ ગૃહસ્થ હતા. આદર્શ ગૃહસ્થી જ આદર્શ સંત બની શકે છે. સંતનું પ્રથમ લક્ષણ છે તમામની સાથે પ્રેમ કરવો અને પરીવાર તેનું પ્રારંભિક સ્થળ છે. દશે દિશામાં પ્રભુને જોવો એથી ઉત્તમ ધર્મ નથી, સંતજનોની સેવા કરવી એથી ઉંચુ કર્મ નથી. સંતોની સેવા કરવામાં તન મન ધન જે લૂંટાવે છે, સાચું માનો મેલ હૃદયનો આપ મેળે ધોવાયે છે. જેનામાં સત્ય દાન ક્ષમા સુશીલતા ક્રૂરતાનો અભાવ તપસ્યા અને દયા..આ સદગુણો જોવા મળે તે સંત છે. પૂર્વજન્મોના સત્કર્મોના કારણે અમોને માનવદેહરૂપી સુંદર સાધન મળ્યું છે. સુખના વિવિધ સાધન, ભૌતિક સામગ્રી મળી છે પરંતુ અમારી વિડંબના એ છે કે અમે જીવનનું લક્ષ્ય ભૂલી જઈએ છીએ. આ સુંદર જીવનમાં મૃત્યુના પછી એક ક્ષણ પણ રોકાવવાની સંમતિ મળવાની નથી અને જો ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત સદગુરૂના શરણમાં જઈ પ્રભુ પ્રાપ્તિ કરી નથી તો અમો ખાલી હાથે જ અહીંથી ચાલ્યા જઈશું. સાચા સાધુ સંત હરિના એક જ વાત સમજાવે છે કે જ્ઞાની પણ જો ભક્તિ છોડે તો તે અંત સમયમાં પછતાય છે એટલે માનવે જ્ઞાનની સાથે સાથે ભક્તિને પણ સમાનરૂપથી પોતાના આચરણમાં લાવવી જોઈએ જેથી જ્ઞાન રસ્તો બતાવે અને ભક્તિમય જીવન જીવવાથી આપણે મુક્તિનો આનંદ મેળવી આલોક અને પરલોક સુખી કરી શકીએ. સંત હંમેશાં જાત-પાંત, રંગ દેશ, ભાષા સંસ્કૃતિ વગેરેથી ઉપર ઉઠીને પ્રાણીમાત્રને ભક્તિના રંગમાં રંગતા જાય છે. સંત હંમેશાં માનવમાત્રના ઉદ્ધાર તથા સમાજના ઉત્થાનના માટે જીવે છે અને મરે છે. સંસારનો ત્યાગ કરીને વેશધારી સાધુ સંન્યાસી બનવાની આવશ્યકતા નથી. ઘર ગૃહસ્થમાં રહીને પોતાની પારીવારીક જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં દરેક વ્યક્તિ પ્રભુ પરમાત્માના જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. આવો..ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સંત જ્ઞાની ભક્ત તત્વજ્ઞ મહાપુરૂષના શરણમાં જઈ એક પ્રભુ પરમાત્માનાં દર્શન કરી આપણો આલોક અને પરલોક સુખી બનાવીએ, જન્મમરણના ચક્કરમાંથી મુક્ત થઈ સાચો આનંદ મેળવીએ. સત્સંગથી મનનો મેલ દૂર થાય છે. સંત એક એવો અથાહ સાગર હોય છે જે આદિ અને અંતથી પર હોય છે. સંતોના ગુણોની ગણતરી થઈ શકતી નથી. સંત પણ બ્રહ્મની જેમ અનાદિ અને અનંત હોય છે એટલે સંત અને હરિમાં સહેજ પણ ભેદ હોતો નથી. હંમેશાં સંતોનું સન્માન કરો કારણ કે સંતનું સન્માન એ ઈશ્વરનું સન્માન છે. મનુષ્યએ પોતાની સામાજીક જવાબદારીઓને નિભાવતાં નિભાવતાં સર્વવ્યાપી પ્રભુનું હંમેશાં શ્વાસે શ્વાસે સુમિરણ કરવું જોઈએ. સામાજીક જવાબદારીઓથી ભાગનારનું આધ્યાત્મિક માર્ગમાં કોઈ સ્થાન નથી. સંતના દોષ જોશો નહિ, તમને દોષ જોવાની ઈચ્છા થાય તો તમારી અંદર નજર કરજો. તમારાં પોતાના દોષને જોજો, બીજાના તો ગુણ જ જોજો. બીજાના ગુણ જોવાની આદત રાખશો તો તમારી દષ્ટિ પણ ગુણમયી બનશે અને એક દિવસ તમે ગુણવાન બની જશો. (નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

**વિનોદભાઈ માછી નિરંકારી**
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ટાટા મેમોરિયલ હોસ્પિટલને રૂ. ૩૫ લાખનું આધુનિક 'સી આર્મ' મશીન અનુદાન અપાયું.....

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા સંસ્થા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન ગુજરાતમાં આવેલ ગૌશાળા/પાંજરાપોળમાં લગભગ ૧ કરોડ રૂપીયાથી વધુનો ચારો અલગ-અલગ પાંજરાપોળમાં પુરો પાડેલ. ખેડૂતના અશક્ત પશુ જે ખેડૂતોને બોજરૂપ લાગે છે જે ખડકીના દલાલ થકી કતલખાનામાં ન ધકેલાય, તેવા પશુઓને ખેડૂત પાસેથી લઈ પાંજરાપોળ સુધી પહોંચાડવાની તેમજ નિભાવની જવાબદારી સંસ્થા વતી લેવામાં આવે છે. છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન અંદાજે ૯૦,૦૦૦ થી વધુ જીવોને અભયદાન





ગુજરાતની પાંજરાપોળમાં આપી ચુકેલ છે. પાંજરાપોળને પણ પશુ બોજરૂપ ન બને તે માટે પાંજરાપોળમાં દતક યોજના વર્ષ માટેનો નકરો રૂા. ૧૨,૦૦૦/- રાખી તે પ્રમાણે આવક પાંજરાપોળમાં ઉભી કરવામાં આવે છે. આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષથી દરરોજ ૧૪૦ નિરાધાર વડીલોને બપોરનું ટિફિન તેમના ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. અને તેમની મેડિકલ જરૂરિયાત પણ પૂરી કરવાની કોશિશ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં ૧૦૦થી પણ વધુ વ્હીલચેરનું અનુદાન દાતાઓના સહયોગથી સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓની સતત સેવા થી શકે તેવા હેતુ થી ટાટા મેમોરિયલ ટ્રસ્ટને રૂ. ૩૫ લાખનાં આધુનિક મેડિકલ ઈક્વિપમેન્ટનું અનુદાન આપવામાં આવ્યું છે. આ ઈક્વિપમેન્ટ એક 'સી આર્મ' મશીન છે જેનો ઉપયોગ દર્દીની એન્ડોસ્કોપી કરવામાં થાય છે. જરૂરિયાતમંદ લોકો અને દર્દીઓ માટે સતત કાર્યરત એવા આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટનાં જયેશભાઈ શાહ (જરીવાલા) (મો. ૯૯૨૦૪૯૪૪૩૩) ભરતભાઈ મહેતા (મો.૯૩૨૨૨૨૨૯૨૮), અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨ ૭૪૬૨૦), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦૪૩૨૭૨) ખૂબ જ સરાહનીય કામગીરી કરી રહ્યા છે.

**અષાઢી બીજ ના પવિત્ર દિવસે દમયંતીબેનનાં અંગદાન થકી પાંચ વ્યક્તિઓને નવજીવન**

# દમયંતીબેન બ્રેઈનડેડ થતાં પરિવાર દ્વારા તેમનાં અંગોનું દાન કરવામાં આવ્યું

દમયંતીબેન ભરતભાઈ સુતરીયા ઉંમર વર્ષ ૫૩ તા. ૨૯ જૂનનાં રોજ ભરતભાઈ સાથે અનિડા ગામે જતાં હતા એ દરમિયાન ટીલાળા ચોક, નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર સ્પીડબ્રેકરમાં લથડી જતાં દમયંતીબેન પડી ગયા અને સ્થળ પર જ કાન અને નાકમાંથી ખૂબ જ લોહી વહેવા લાગ્યું હતું. તેને તાત્કાલિક વોકાર્ડ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા અને ત્યાં ડો. કાંત જોગાણી સાહેબે તેમનું તરત જ ઓપરેશન કર્યું, પરંતુ આ વખતે જ બ્રેઈન હેમરેજને લીધે બ્રેઈનમાં કોઈપણ પ્રકારની રિકવરી ન થઈ અને અંતે ૩૦ જૂનનાં રોજ ડો. કાંત જોગાણી સાહેબ અને એમની ટીમે તપાસ કરી બ્રેઈન ડેડ જાહેર કર્યા. આ કપરા સમયમાં દમયંતીબેનના બંને પુત્રો કુલદીપભાઈ અને પ્રિન્સભાઈએ એમના અંગદાન કરવાની ઈચ્છા એમના પિતાશ્રી ભરતભાઈને વ્યક્ત કરી. ભરતભાઈ પોતે પણ ખૂબ સેવાભાવી છે અને તેઓએ પોતે ૫૪ વખત રક્તદાન કર્યું છે, એટલે આ અંગદાનથી બીજા વ્યક્તિઓને નવી જિંદગી મળતી હોય તો બધાજ અંગો દાન કરવાની મંજૂરી આપી. એમના પુત્રવધૂ કિંજલબેન અને ડેનિશાબેને પણ આ સત્કાર્ય કરવામાં



કુટુંબીજનોને ખૂબ સહકાર આપ્યો.

અંગદાનનું નક્કી થતાં જ વોકાર્ડ હોસ્પિટલનાં ટ્રાન્સપ્લાન્ટ કોર્ડીનેટર ડો. વિશાલ ભાલોડી અને નેફ્રોલોજિસ્ટ તથા ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશ્યન ડો. દિવ્યેશ વિરોજાએ આખી રાતની સખત મહેનત કરી, અંગદાન માટે જરૂરી ટેસ્ટ, તૈયારી, બ્લડસેમ્પલ મોકલવાની વ્યવસ્થા રાજ્યની સંસ્થા જીૅ અને અંગદાન સ્વીકારનાર હોસ્પિટલનાં ડોક્ટર્સની ટીમ સાથે સતત સંકલન કરી અંગદાનની પ્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડી. આ પ્રક્રિયામાં બ્રેઈનડેડ જાહેર કરવા માટે ખૂબ જ અગત્યનું કાર્ય ડોક્ટર્સની ટીમ ડો. કાંત જોગાણી, ડો. કેતન ચુડાસમા, ડો. ભાવિન ગોર અને ડો. પ્રશાંત મહેતાએ કર્યું. દર્દીને ૈંઝ્રેં માં જાળવી રાખવાનું કાર્ય ડો. જલ્પાબેન બોરડ, ડો. મીત ઉનડકટ તથા નર્સિંગ સ્ટાફ ભાનુબેન, આરતીબેન, મોનાલીબેન, નેહલભાઈ, રાહુલભાઈ, આશિકાબેન, કૌશિકભાઈ, સ્વાતિબેન, ઉષાબેન, નિમિષાબેન, ભૂમિબેન વગેરેએ ખૂબ જ ખંતથી કર્યું હતું. વોકાર્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ અને અશોક ગોંધિયા મેમોરિયલ ટ્રસ્ટનો પણ આ સેવાકીય પ્રવૃતિમાં સંપૂર્ણ સહયોગ રહ્યો હતો. ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટના સામાજિક કાર્યકર શ્રીમતી ભાવનાબેન મંડલી, શ્રી નીતિનભાઈ ઘાટલીયા, શ્રી મિતલભાઈ ખેતાણીએ દર્દીના સંબંધીને આ કપરા સમયમા સાંત્વના આપી અને રાજકોટ પોલીસની મદદથી ગ્રીન કોરિડોરની વયસ્થા કરવામાં યોગદાન આપ્યું હતું. વધુ માહિતી માટે તથા અંગદાન કરવા માટે કે અંગદાનનો સંકલ્પ કરવા માટે ૯૧૦૬૩૭૯૮૪૨, ૯૪૨૭૭૭૬૬૬૫, ૯૮૨૫૨૫૬૫૭૮, ૯૮૨૪૪૫૯૬૯૫, ૯૮૨૪૨૨૧૯૯૯ પર સંપર્ક કરવા ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે. આ સમગ્ર ઘટનાને સમાજ સુધી પહોંચાડવા માટે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાનો ખુબજ સહકાર રહ્યો છે. અંગદાન થકી પાંચ વ્યક્તિઓને અષાઢી બીજ ના પવિત્ર દિવસે નવજીવન આપવા માટે દમયંતીબેનના સમગ્ર પરિવારને કોટિ કોટિ વંદન.

# કૃષ્ણપ્રિયા કાગળ લખી લખી થાકી કૃષ્ણપ્રસાદના મનમાં નથી!

આજના જમાનામાં કોઈ કોઈને કાગળ લખતું નથી. બેંક કે નગરપાલિકા દેવું કે ટેકસ ભરવા નોટિસ પાઠવે છે. એ પણ ઘણું ખરું ઓનલાઈન, વોટસએપ મારફત. ટ્રાફિકના નિયમોના ભંગ માટે ઓનલાઈન મેમા આવે છે. સંતાન કહ્યામાં નથી અને સ્થાવર જંગમ મિલકતમાંથી બેદખલ કર્યાની જાહેર નોટિસ વર્તમાનપત્રોમાં આવે છે. ઘણીવાર ફલાણાબેન ફલાણાભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા ( અરે , ભોગ એમના. છતી આંખે લગ્નના કૂવામાં યાહોમ કરીને ખાબકે છે. લગ્નમાં કોઈ લાટા કે સાટા મળતા નથી એ અનુભવસિદ્ધ હકીકત છે, જેનો ઈકાર ન કરી શકાય માય લોર્ડ.!!આવા કિસ્સા જીવદયા ,કરૂણા,અનુકંપાને પાત્ર હોય છે!!) એવી નોટિસ અખબારમાં આવે છે. ટુંકમાં કાગળો- બાગળો લખવાની કળા લુપ્ત થઈ રહી છે. આ કળા નાભિશ્વાસ પર છે(શ્વાસ તો નાકથી લેવાનો હોય. તો નાભિશ્વાસ શબ્દનો મતલબ શું? માની લઈએ કે નાભિશ્વાસ પર છે તો બરખુદ્દાર આવો સૂક્ષ્મતમ લય ,નાદ, શ્વાસરવ તને સંભળાયો કંઇ રીતે??)આમાં ખબર નહીં પડે. તમને ગુજરાતીમાં કહું તો કાગળ પત્ર લખવાની પ્રવૃતિ આઈસીયુમાં આખરી શ્વાસ લઈ રહી છે.( મોટા આમ ગુજરાતીમાં કહોને. મોટા ઉપાડે નાભિશ્વાસ એની માને બોલતા જીભનો લવો વળતો નથી. તમારે લેખમાં ભાષા પાંડિત્યનું ગાર્નિશિંગ એટલે કોથમીર ભભરાવવી જરૂરી છે? આવું કરશો તો પણ કોઈ તમને નોબેલ નહીં આપે .જાવ લખી લો. અન્યને ડુંગરા ખોધ્યા છે પણ પત્ર લેખનની શરૂઆત લગી પહોંચી શકયા નથી . એટલે થોડું ફેંકી લઈએ. ફેકનેમેં કયા હર્જ હૈ? પહેલો પત્રવ્યવહાર ઈવ અને આદમ વચ્ચે થયો હશે. અલબત, કોણે કોને અને કયાં કારણે પત્ર લખ્યો હશે તે મતમતાંતરનો વિષય છે. જો કે, અમે દ્રઢપણે માનીએ છીએ કે અને આદમને ખખડાવવા ઠપકાપત્ર લખ્યો હશે. આદમ પાસે નહીં નહીં તો ખોખા ઠપકાપત્ર હશે. અહીં ખોખું શબ્દ બોકસના સંદર્ભમાં નહીં પણ ન્યુમરિક રેફરન્સમાં પ્રયોજ્યો છે!!

ડોસો ડોસીને લવ ભલે કરતો હશે પણ કાગળ લખવાની બબાલમાં પડતા નહીં હોય!

પદ્મશ્રી અને કોકિલકંઠી ગાયિકા દિવાળીબેન ભીલે ગાયું છે કે મું તો કાગળિયા લખી લખી થાકી કાનુડા તારા મનમાં નથી. અત્રે એ શંકા થાય છે કે બેન કાનુડો તારા કાગળનો કેમ જવાબ આપતો નથી? તું કાનુડાને વતન ગયેલ ધૂળજી લાવી આપવાની વાત લખે તો કાનુડો શું કરી શકે? તારા છોકરાને આંગ્લ માધ્યમની શાળામાં દાખલો કરાવવાનું કહે તો કાનુડો કામ ન આવે, તારે પ્રભુ ઈસુ મસીહાને કાગળિયા લખવા પડે હો બુન! બાકી અમારો કાનુડો મારતા રથે શેઠ સગાળશા બની નરસૈંયાની હૂંડી પાકે કે પહેલા ચૂકતે કરે તેવો પંકચ્યુઅલ છે!!આજકાલના છોકરા લોહીનો પાણી કે શાહી જેવું પાતળું સમજતા હશે !! એટલે શાહીના સ્થાને "ખત લખતા હૂર ખૂનને સ્યાહી મત સમજના મર રહાં હૂર જિંદા મત સમજના " એવા ગતકડાં કાઢતા હોય છે!!! ભગવાનના વખાણ કરવા ઈચ્છુક પૃથ્વીને કાગળ માની સમુદ્રોની શાહી બનાવી કિતાથી લખીએ તો પણ વખાણ કરી ન શકાય!!

સરસ્વતીચંદ્રમાં હીરો "ફૂલ ભેજા હૈ ખતમેં ,ફૂલ નહીં મેરા દિલ હૈ" એટલે કુરિયરમાં રૂપિયા, ચરસ,કાગળ મોકલવાનાં આવે તેમ કાગળમાં દિલ મોકલવાનો હીરો દાવો કરે છે. એટલે પંચતંત્રની વાંદરા અને મગરની વાર્તા યાદ આવે જેમાં વાંદરાનું કાળજું ખાવાના અભિલાષી મગરને કાળજું જાંબુના ઝાડ પર મુકયું છે તેમ કહીને વાંદરાથી પીછો છોડાવે છે!!!

ઋકમણિએ કૃષ્ણને પત્ર લખી તેમનું હરણ કરી જવા અને લગ્ન કરવા કહેલું નહીંતર રુકિમણીનો ભાઈ રુકમી રુકમણિનો વિવાહ બીજા કોઈ સાથે કરી નાંખશે! લગ્ન માટે કન્યાના અપહરણના અનેક કિસ્સા છે. અલબત, લગ્નના ઈરાદાથી પુરૂષનું કન્યા દ્વારા અપહરણ કરવા માટે ચિત્રલેખાએ કૃષ્ણ ભગવાનના પૌત્ર પ્રધ્યુમનુ અપહરણ ઢોલિયા સાથે કરેલ હતું તે એક વિરલ ઘટના છે!!!

ગુજરાતી સાહિત્યમાં મુંબઈ કમાવા ગયેલા પુત્રને ગામડે પોતાની અવદશા વર્ણવતી આંધળી મોનો કરૂણ અને હૃદયવિદારક પત્ર જાણીતો છે. અલબત, દીકરાનો પ્રત્યુત્તર પણ કરૂણતમ છે!!

હાલમાં એક સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. કેરળના ઈડુકકીના રહેવાસી કૃષ્ણપ્રિયાએ ભાઈ કૃષ્ણપ્રસાદને મનાવવા એક ફૂટ કે એક મીટર નહી પણ ૪૩૪ મીટર લાંબો પત્ર લખીને વર્લ્ડ રેકર્ડ કરી નાંખ્યો છે. કાગળનું વજન પાંચ કિલો છે. લેટર સ્પીડ પોસ્ટ કે કુરિયરથી મોકલ્યો તેનો ઉલ્લેખ નથી!!કૃષ્ણપ્રિયા કૃષ્ણપ્રસાદને જન્મદિવસની શુભેચ્છા આપી ન હતી અને વોટસએપના મેસેજીસનો જવાબ આપેલ ન હતો. એટલે કૃષ્ણપ્રસાદ નારાજ થયેલ હતો. તેને મનાવવા કૃષ્ણપ્રિયાએ આકરી મહેનત કરી હતી. આ સમાચારમાં કૃષ્ણ લ.સા.અ. છે!આ કવાયતથી કૃષ્ણપ્રસાદ પ્રસન્ન થયા કે નહીં તેના કોઈ સમાચાર નથી.!!

ઉપરથી શાંત શાંત છે,
મહી યોવનનું ઉફાન છે.
મન સાવ કાબુ બહાર છે,
ઉપરથી તનનું તોફાન છે.
સનમ ન મળે તો વૃક્ષને
તસતસતું આલિંગન છે.
વાડ પાસે કયાં વિકલ્પ છે?
વાડને વૃક્ષનું આલંબન છે
ભ્રમર રાત આખી કેદમાં છે,
તો પણ કમળનું પ્રલોભન છે!!
ભરત જાણે છે કે શક્ય નથી,
તોયે સદેહે સ્વર્ગનું અરમાન
છે!!

**ભરત વૈષ્ણવ**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO O112

વિષય : પરંપરાગત રથયાત્રા

શીર્ષક : લુપ્ત થઇ રહેલો વારસો

લેખક : રાજેશભાઈ એસ વ્યાસ

એ,,,,,, અષાઢી બીજના રામ રામ,,,, સૌ ડાયરાને,,,,, રામ,,,, રામ ભાઈ બીજના રામ,,, રામ,,

આ છે ગામડાની જુની સંસ્કૃતિ અને વર્ષો જુની પ્રણાલીકા, જે હવે દિવસો દિવસ લુપ્ત થતી જતી જણાય છે.

નાના ભૂલકાથી માંડી ઘરના મોભીઓ સુધીના બધા લોકો એકબીજાને પ્રત્યેની ભાવનાઓ લાગણીઓ વ્યક્ત કરી આનંદ અનુભવતા.

રામ,,, રામ,, શબ્દ માં જે પ્રેમ અને ભાવ નીતરતો, જે હાલમાં માત્ર ઔપચારિકતા પુરી કરવા પૂરતો રહ્યો હોય તેવું સ્પષ્ટ જણાય આવે છે, કેટલો ઉમંગ અને આનંદ હતો, નાના નાના બાળકો નિવેદ, પ્રસાદ, ધ્વજા, નાળિયેર, અગરબત્તી લઈ ગામના દરેક ધર્મ સ્થળ પર જઈ દેવ દર્શન કરી, નિવેદ પ્રસાદ ધરી, ધજા ચડાવી ધન્યતા અનુભવતા હોય છે. પરંપરા મુજબ અષાઢીબીજના દિવસે જગગનાથજીની રથયાત્રામાં જોડાય ભક્તો એક અનેરો લ્હાવો અને આનંદ મેળવે છે. અને ભાવવિભોર બને છે. ગામના દરેક વ્યક્તિઓ એકબીજાના ઘરે જઈ વડીલોને પગે પડી આશીર્વાદ મેળવતા અને ભૂલકાઓની તો શું વાત જ કરવી, આ બધી આપણી શાનદાર અને દમદાર પ્રણાલીકા ઓ પાછળ કંઈક ને કંઈક અર્થ સમાયેલો છે, વહેવારીક રીતે કે ગામમાં કોઈપણ કારણોસર એકબીજા પ્રત્યે નાની નાની બાબતોમાં થયેલા મનદુ:ખો આવા સામાજીક તહેવારોથી દૂર થતા, મનભેદ કે મતભેદને સાઈડમાં મૂકી તહેવારના દિવસે એ તો જવુ જોઈએ આવા કારણોસર એકબીજા ગળે મળી આનંદથી મનમેળ થઈ જતા હવે દિવસેને દિવસે સમયના અભાવે અને આધુનિકતાના પ્રભાવે માત્ર વોટ્સઅપના માધ્યમથી અષાઢી બીજના રામ, રામની પોસ્ટ મૂકી સંતોષ માની લે છે

પરિવર્તન સમયની માંગ છે, અને સમયને પણ સ્વીકારવો રહ્યો, તો ચાલો સમયની સાથે અને વર્તમાનની વાટે રાજેશ ભાઈ વ્યાસના સૌ ડાયરાને અષાઢી બીજના જાજાને જાજા,,,,

રામ,,, રામ,,,,, રામ,, રામ,, ભાઈ, રામ,,,,, રામ

**રાજેશભાઈ એસ વ્યાસ ( કુકરવાડિયા ) ધ્રુવનગર, મોરબી**

---

NOG SS N0: 001.

પ્રકાર: ગદ્ય.

શિર્ષક : રથયાત્રા.

અષાઢ મહિનાનું સૌંદર્ય અનેરૂ હોય છે . અષાઢનું આગમન થતાં જ ભક્તિ અને પ્રેમ નું વાતાવરણ છવાઈ જાય છે . ભગવાન જગન્નાથ અષાઢનું સૌંદર્ય માણવા માટે અને પ્રજાને મળવા માટે પૃથ્વી ઉપર પોતાની અમીધારા રૂપે કૃપા વરસાવા માટે સ્વયં પોતે રથમાં બેસીને નગરચર્યાએ નીકળે છે .

ભગવાન જગન્નાથ વિષ્ણુ ના અવતાર ગણાય છે . પુરાણોમાં એમનો વિષ્ણુના અવતાર તરીકે ઉલ્લેખ થયેલ થયેલો નથી પણ જગન્નાથનો સ્વરૂપ એ વિષ્ણુના અવતાર તરીકે આજે પણ માનવામાં આવે છે . ગુજરાતના દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણ ઓડિસાની નગરી પુરી માં જગન્નાથ સ્વરૂપે સ્થપાયા છે . આ જ ભગવાન જગન્નાથ અમદાવાદ વગેરેનાં શ્રીકૃષ્ણ મંદિરોમાં ભગવાન જગન્નાથ તરીકે પૂજાય છે. ભગવાન જગન્નાથ વિશે અને એની રથયાત્રા વિશે ઘણી બધી પૌરાણિક કથાઓ જોડાયેલી છે .

આરતીના બાણને નિમિત બનાવીને દ્વારકાના રાજાધિરાજ શ્રીકૃષ્ણએ ગુજરાતના પશ્ચિમ કિનારે સોમનાથમાં પોતાની દેહ લીલા સંકેલી લીધી હતી. પાંડવોએ જ્યારે તેમને અગ્નિદાહ દીધો ત્યારે શ્રીકૃષ્ણના દેહના માત્ર હાથ પગ કાન અને મુખ એટલા જ અંગો અગ્નિથી ભસ્મ થયા હતા . બાકીના દેહને પાંડવોએ દરિયામાં તરતો મૂકી દીધો હતો તે દેહ લાકડાનો મોટો ટુકડો બનીને છેક પૂર્વમાં જગન્નાથપુરીના દરિયા કિનારે આવીને અટક્યો . તે સમયના ત્યાંના રાજવી વિષ્ણુ ભક્ત ઈન્દ્રદ્યુમ્ને તે કાષ્ટ ટુકડાને બહાર કઢાવ્યો અને તેમાં થી વિષ્ણુ મૂર્તિ બનાવવા ને વિનંતી કરી .જગન્નાથજી મંદિરની સુભદ્રાજી બલરામ અને જગન્નાથની મૂર્તિ અપૂર્ણ કેમ છે એની પાછળ પણ એક દંત કથા રહેલી છે . રાજવી ઈન્દ્રદ્યુમ્નની વિનંતી પ્રમાણે વૃદ્ધ કાષ્ટ શિલ્પી રૂપે આવેલા વિશ્વકર્માએ મૂર્તિ બનાવવાનું સ્વીકાર્યું પણ એક શરત મૂકી હતી કે, × હું મારા ઓરડાના દ્વાર બંધ કરીને મૂર્તિ ઘડીશ તે દરમિયાન જો કોઈ ઓરડો ઉઘાડીને અંદર આવશે તો હું મારું કામ બંધ કરી દઈશ. × મૂર્તિ ઘડવા માટે શિલ્પીએ ઓરડામાં પ્રવેશ કર્યો. ઓરડો બંધ કરી દીધો . ઘણા દિવસો થયા પણ શિલ્પી તરફથી કોઈ જાણ ન થઈ. તેથી રાજા રાણીને ચિંતા થઈ તેમણે ઓરડાના બારણા ખોલાવ્યા અને જોયું તો શિલ્પી અદ્રશ્ય થઈ ગયેલા અને ત્રણેય મૂર્તિઓ અડધી ઘડેલી પડી હતી. જગન્નાથ અને બલરામની મૂર્તિઓને હાથ હતા પણ આંગળીઓ નહોતી . જ્યારે બેન સુભદ્રની મૂર્તિ ને તો હાથ જ નહોતા . ત્રણેયને ગોળ ગોળ મોટી મોટી આંખો હતી ?. રાજા ઈન્દ્રદ્યુમ્ને એ અપૂર્ણ અંગ વાળી મૂર્તિઓને રંગ વગેરે લગાવીને ધામધૂમથી સ્થાપના કરી અને ત્યારથી પુરી ×જગન્નાથપુરી ધામ ×તરીકે પ્રખ્યાત બન્યું અને અષાઢી બીજે જગન્નાથપુરીમાં રથયાત્રાનો ઉત્સવ ધામધૂમથી ઉજવવા લાગ્યો . જગન્નાથપુરી ચારધામ પૈકીનો એક ધામ ગણાય છે . સાત પવિત્ર તીર્થોમાં નું જગન્નાથપુરી એક ગણાય છે . એવું કહેવાય છે કે આની યાત્રા કર્યા વિના તીર્થ દર્શન અધુરું ગણાય છે . એવું કહેવાય છે કે ઘણા વર્ષો પૂર્વે નીલાંચલ પર્વત હતો અને ×નીલ માધવ× ભગવાનની નીલમૂર્તિ હતી . તેની આરાધના દેવો પણ કરતા હતા . પરંતુ તે પર્વત ભૂમિ ની અંદર સમાઈ જવાથી ભગવાનની આ મૂર્તિ દેવો પોતાના લોકમાં લઈ ગયા અને વર્ષો પછી આ જગન્નાથપુરી ધામ બન્યું અને ભગવાન જગન્નાથજી ની પૂજા આરાધના શરૂ થઈ . સમગ્ર ભારત અને દેશ વિદેશો માં પણ ભગવાન જગન્નાથજી ના મંદિર ના નિર્માણ થયા એન પરંપરાગત રથયાત્રાઓ નીકળતી રહી અને ભગવાન શ્રી કૃષ્ણ નુ ધબકતું હૃદય આજે પણ વરસ માં એકવાર નગરયાત્રાએ નીકળી સૌને દર્શન આપી ખબર અંતર પૂછે છે.

**સંચાલક : પ્રદીપ રાવલ**

---

[ NOG SS N0: 0059

વિષય:પંરપરાગત રથયાત્રા

પ્રકાર: ગદ્ય હાઈકૂ સાત.

શીર્ષક: જય જગન્નાથ .

શબ્દો : ૧૭૫.

જયકાન્ત ઘેલાણી પ્યારે.

પંરપરાગત શબ્દજ, આપણને ભવ્યાતિભવ્ય ભૂતકાળને આપણા ચક્ષુ સમક્ષ રજુ કરેછે, સાથે ઉત્સવની ભાતીગળ પંરપરાગત્ ઉજવણી ની અક્ષરસ સંપુર્ણ માહિતી આપેછે ,તો ચાલો આપણે ભગવાન જગન્નાથજી ના મન:ચક્ષુથી દર્શન કરી, રથયાત્રા માણી ધન્ય બનીએ,અને તે પણ પ્યારે×, સાત હાઈકુ ના માધ્યમથી.

શ્રેષ્ઠ મુહુર્ત ? આવી અષાઢી બીજ માનવ ખુશ !.
નભે સૌંદર્ય તૈયાર રથયાત્રા અષાઢી બીજ.
કચ્છી વર્ષ છે પ્રભુ આગમન દીપે પ્રભાત.
છે પંરપરા રથયાત્રા પ્રભુની ભાવ અમારો.
મન નો રથ માનવતાની યાત્રા છે રથયાત્રા
દીપે ભાવના માનવ સવારીમા પ્રભુ દર્શન.
પ્રભુ દર્શન કરે સકળ જગ તે રથયાત્રા.
જય જય જગન્નાથજી !

---

NOG SS No :19

વિષય...

રથયાત્રા

નામ.. કલ્પનાબેન ત્રિવેદી

★નીકળ્યા ખુદ પ્રભુ ★જોવા ★દુનિયાની રફતાર,
★આજ અષાઢી ★બીજમાં મોસાળમાં હેતની ★વહી જાય રસધાર ,
★શામળિયો આવે★ સાથે ★આજે ★ભાઈ બલભદ્ર, બેની સુભદ્રા સાથ!
★દર્શન કરવા વ્હાલા પ્રભુના નગર હિલોળા ★ખાય!
મામેરામાં જમે મગ, જાંબુ ની રસધાર !
કરશે નગરની પરિક્માને પાળશે લોકના વચન,
બીજનાં દિવસે વહાલો બનશે નગરનો નાથ!
સોનાની સાવરણીથી કરું શુદ્ધ , મારા શામળિયાને આજ,,
આજ અંતર મનથી આવકારું મારા ઘરે આવો વિરાજી સાથ!
આજ મળશે સોનામાં સુગંધ કે
વહાલો મારો પૂરશે સૌના કોડ!

**કલ્પના ત્રિવેદી . સુરેન્દ્રનગર**

---

NOG SS No : 114

વિભાગ : ગદ્ય

શબ્દ : અષાઢી બીજ

શીર્ષક: પરબધામ

શબ્દ સંખ્યા- ૧૬૦

રચના-

જુનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના પરબવાવડી ગામે પરબધામ આવેલું છે. પરબધામમાં અષાઢી બીજે ભવ્ય મેળાનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. ભક્તો દૂર દૂરથી પરબધામના દર્શન કરી ધન્યતા અનુભવે છે. સતદેવીદાસ ,અમર દેવીદાસના આ પરબધામમાં રક્તપીત્યાઓની સેવા સતદેવીદાસ બાપુ દિવસ રાત કરતા હતા. ત્યાં અમર મા નામના એક બહેન રહેતા હતા. જેને બાપુ દીકરી કહેતા હતા. અમરમા પણ દુખિયાઓની સેવા કરતા હતા. અમરમા રોગીઓ માટે બાર ગામ ઘોડી પર ફરતા અને દુખિયાઓ માટે રોટલો માંગતા. અને દુખિયારાઓનું પેટ ભરાતું. અમરમા રોટલો માંગવા જતા ત્યારે એની પાછળ ગુંડાઓ પડતા અમરમા ઘોડીની લગામ હાથમાં લઈ કહેતા. સત દેવિદાસ અમર દેવીદાસ. ત્યાં તો ઘોડી પૂર જોશમાં ક્યાંય ની ક્યાંય દૂર પહોંચી જતી હતી. આજે આ પરબધામમાં કરસનદાસ બાપુનું પણ એટલું જ સત છે. અષાઢી બીજ ના મેળામાં નાનારાઓ- મોટારાઓ માટે મોટા મોટા ચગડોળો, ફજર -ફાળકા મોતના કુવા, કત- પૂતળીના ખેલો, ટ્રેન ,બલૂન સૂટ જેવા મનોરંજનના અનેક સાધનો અને રમકડા કપડા નત-નવીન કારીગરોની કારીગરી અહીંના મેળામાં જોવા મળે છે. મેળામાં વિવિધ ખાણીપીણીની દુકાનો પણ જોવા મળે છે. અહીં સૌથી વધારે લોકો બટાકા ભૂંગરાનો સ્વાદ માણતા જોવા મળે છે. પરબધામમાં લાખો લોકો બીજના દિવસે પ્રસાદી લે છે પણ ક્યારેય પ્રસાદ ઘટતો નથી. વિશાળ જગ્યામાં પથરાયેલા પરબધામમાં અનેક લોકો માનતાઓ બાધાઓ રાખે છે. લોકોની માનતાઓ પણ પૂરી થાય છે. જ્યારે પણ જુનાગઢ જવાનું થાય ત્યારે પરબધામ ની મુલાકાત લેવાનું ચૂકતા નહીં.

**કથીરીયા પ્રવિણા પવી નવસારી.**

## એક્રરવાલા અહિંસાધામ ખાતે બે દિવસીય જીવદયા યજ્ઞનું આયોજનનું



આ બે દિવસીય સંપૂર્ણ કાર્યક્રમના સૌજન્ય દાતા અંકિતભાઈ પ્રેમચંદભાઈ શાહ (ધોબીતલાવ – કોડાય) , શ્રીમતી મંજુલાબેન મહેન્દ્ર સંગોઈ ચેરિટેબલ ટ્રસ્ટ (રામદેવ ગ્રુપ – વિલેપાર્લા ) તેમજ શ્રીમતી રિટાબેન હરેશભાઈ વોરા (ભાનું પ્રોપર્ટીઝ – બોરિવલી ગેલડા) છે.

વર્ષ ૧૯૯૦માં જાદવજી રવજી ગંગરની પ્રેરણાથી એક્રરવાલા અહિંસા ધામ હાલમાં ૪૯૦૦ પશુ પક્ષીઓને આશ્રય આપનારી આ સંસ્થા સમગ્ર વિશ્વમાં 'ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર' તરીકેની ખ્યાતિ મેળવી છે. આ સંસ્થા પાંચ એકરની વિશાળ જગ્યામાં ફેલાયેલી છે. સંસ્થાના મુખ્ય બે કૅમ્પસ રહેલા છે, અહિંસાધામ વેટરનરી હોસ્પિટલ (સંકુલ) અને અહિંસા ધામ નંદી સરોવર. અહિંસાધામ નંદી સરોવર એ પશુ પક્ષીની રોજીંદી પાણીની જરૂરિયાતને સંતોષવા બનાવવામાં આવેલું માનવસર્જિત સરોવર છે. આ સંસ્થાના સંકુલમાં મ્યુઝીયમ, મિનિ થિએટર, ઓડિટોરિયમ, ગોપાલ સ્મૃતિમંદિર, ૐ યુનિટ, દાજેલા પશુઓ માટે બર્ન વિભાગ, બાલવાટિકા, સાધુ સાધ્વી માટે ઉપાશ્રય, અંધ પશુઓ માટે આશ્રય જેવા વિભાગો આવેલા છે. અહિંસા ધામ સંસ્થાને વર્ષ ૨૦૦૮માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે 'મહાવીર જીવદયા ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો તેમજ વર્ષ ૨૦૧૧માં શ્રીમતી સ્મૃતિ ઈરાનીનાં હસ્તે 'સ્વર્ણિમ ગુજરાત એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

એક્રરવાલા અહિંસાધામ ખાતે બે દિવસીય કાર્યક્રમનું આયોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન તા. ૦૯/૦૭/૨૦૨૨, શનિવાર અને તા. ૧૦/૦૭/૨૦૨૨, રવિવારનાં રોજ સવારે ૯-૩૦ કલાકથી એક્રરવાલા અહિંસાધામ , પ્રગપુર રોડ જંક્શન, તા. મુંદ્રા , કચ્છ ખાતે કરવામાં આવ્યું છે.

શનિવાર તા. ૯/૭/૨૦૨૨ સવારે ૯-૩૦ કલાકે એક્રરવાલા અહિંસાધામ સંકૂલ ખાતે સંસ્થા પરિચય તેમજ વૃક્ષ, પક્ષી અને ઝેર મુક્ત ખેતી પર વક્તવ્ય આપવામાં આવશે. બપોરે ૩ કલાકે નંદી સરોવર ખાતે ૯૦૦૦ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. તેમજ બિયારણ રૂમનું ઉદ્‌ઘાટન અને ચારો દાનમાં લાવનારનું બહુમાન કરવામાં આવશે. સાંજે ૮ કલાકથી એક્રરવાલા અહિંસાધામ સંકૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગીતાર ગૌરાંગ સોની તથા સુનિલ સોની ઉપસ્થિત રહેશે.

તા. ૧૦/૦૭/૨૦૨૨, રવિવારનાં રોજ એક્રરવાલા અહિંસાધામ સંકૂલ ખાતે સવારે ૯-૩૦ કલાકે બીમાર ગાયને લાડુનું જમણ , હોસ્પિટલ નિરીક્ષણ , ઓડિટોરિયમ ખાતે અહિંસા ફિલ્મ બતાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ચારો દાનમાં લાવનાર જીવદયા પ્રેમીઓનું બહુમાન કરવામાં આવશે. ત્યારબાદ ડૉ. એમ. પી. તિલવાણી (મનોચિકિત્સક) – ભુજ , બુધિયા ભગત - ડોણ રાજડા ગ્રામ પંચાયત , રતન ગઢવી (ગૌ સેવા સમિતિ)- મુંદ્રાને અહિંસા એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. નિમબેન આચાર્ય (વિધાનસભા અધ્યક્ષ- ગુજરાત) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં માવજીભાઈ બારૈયા (અદાણી ગ્રુપ – મુંદ્રા ) સામાજિક કાર્યકર , હિતેશભાઈ વોરા (ગુણાતિતપુર – મુંદ્રા ) દ્વારા ઝેરી રસાયણમુક્ત ખેતી અંગે, પ્રાણજીવન કાલરીયા (લેખક – મોરબી ) દ્વારા 'ગાય અને પર્યાવરણ' અંગે , દિનેશભાઇ ઠક્કર (વૃક્ષ પ્રેમી – શંખેશ્વર) , ડો. હેતલબેન ચંદા (હીલિંગ ફોર ટ્રી એનર્જી અંગે વક્તવ્ય આપશે. આ ઉપરાંત બિયારણ પર પંકજભાઈ જોશી (ઘાંસ નિષ્ણાંત – ભુજ ) , ભરતભાઈ સુરેજા (પ્રમુખ- નેચર એન્ડ એડવેન્ચર ક્લબ – રાજકોટ) દ્વારા વક્તવ્ય , નવીનભાઈ બાપટ (પક્ષી પ્રેમી – ભુજ ) અને અશોકભાઇ ચૌધરી (સ્પંદન સ્ટુડિયો – મુંદ્રા) દ્વારા પક્ષી પર વક્તવ્ય તેમજ મહેશભાઈ અમૂલભાઈ મહેશ્વરી ( સસ્ટેનેબલ મોર્ડન ) દ્વારા પાણી પણ વક્તવ્ય આપવામાં આવશે.

જીવદયાનાં આ બે દિવસીય અહિંસા યજ્ઞમાં જીગરભાઈ તારાચંદભાઈ છેડા (પ્રમુખશ્રી સર્વ સેવા સંઘ ભુજ) (ક.વિ.ઓ. જૈન મહાજન-ભુજ) , કિશોરભાઈ ખાબીયા – જૈન (ચેરમેન ઓફ ખાળીયા ગ્રુપ) , સત્યદેવ જયકરણ બાંકા (વિલેપાર્લા) , પ્રકાશભાઈ સી. દોશી (માંડલ મહાજન પાંજરાપોળ) , જયરામ મેઘજી ભોજાણી (પ્રમુખ- સમન્વય એજુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ) (સુરત) , લલીતભાઈ ધામી (તપોવન-અમદાવાદ) , સંદીપભાઈ સી. શાહ (અમદાવાદ) , પરેશભાઈ હર્ષદરાય શાહ (ટ્રસ્ટી - સમસ્ત મહાજન) - બોરીવલી , શ્રી આદિજીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ – મુંબઈ , ગૌશાળા મહાસંઘ મહારાષ્ટ્ર - મુંબઈ , રાજેનભાઈ શાંતીલાલ શાહ (ગ્રેટ એસ્કેપ વોટરપાર્ક) - અંધેરી , દિપેશભાઈ હસમુખભાઈ વોરા (મોટીવેશનલ સ્પીકર) બોરીવલી , અજીતભાઈ એચ. જટાનીયા (એસ્ટેટ કન્સલ્ટન્ટ-ઝજીઈ) - બોરીવલી , ગુલાબચંદભાઈ શામજી હરિયા (લેમિંગ્ટન રોડ - નરેડી) , જવેરચંદભાઈ લીલાધર ગાલા (લેમિંગ્ટન રોડ - ભોજાય) , અજયભાઈ માંડવિયા (વિલેપાર્લા) , હર્ષદભાઈ નાનાલાલ મહેતા (નમ્રતા ઈલેટ્રોનિક્સ) લેમિંગ્ટન રોડ- લોડાઈ , લક્ષ્મીનારાયણ ચાંદક (પ્રમુખ - વિશ્વ હિંન્દુ પરિષદ મહારાષ્ટ્ર ગૌશાળા) મુંબઈ , રાજેન્દ્રજી નાયર (સેલ્ફ ડીફેન્સ ટ્રેનર) મુંબઈ , ઉજાસકુમાર શાંતીલાલ પટેલ (રૂડાણી) (ગુરૂકૃપા કન્ટ્રક્શન) બોરીવલી – કોડાય , જીવદયા અભિયાન મલાડ ફાઉન્ડેશન – મુંબઈ , દિપેશભાઈ જગદીશ સિધ્ધપુરા (વિનાયક ઈન્ટરપ્રાઈઝ) લેમિંગ્ટન રોડ-પડધરી , કાર્તિકભાઈ નેમચંદભાઈ ગાલા (ભાયંદર-ભુજપુર) , મનિષભાઈ જયંતીલાલ ગડા (ભાયંદર-હાલાપુર) , મુકેશભાઈ કિશનરાજ મહેતા (ભાયંદર - રાજસ્થાન) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ બે દિવસીય સંપૂર્ણ કાર્યક્મના સૌજન્ય દાતા અંકિતભાઈ પ્રેમચંદભાઈ શાહ (ધોબીતલાવ – કોડાય) , શ્રીમતી મંજુલાબેન મહેન્દ્ર સંગોઈ ચેરિટેબલ ટ્રસ્ટ (રામદેવ ગ્રુપ – વિલેપાર્લા ) તેમજ શ્રીમતી રિટાબેન હરેશભાઈ વોરા (ભાનું પ્રોપર્ટીઝ – બોરિવલી ગેલડા) છે.

આ કાર્યક્રમની વિશેષ માહિતી મેળવવા માટે મહેન્દ્રભાઈ સંગોઈ (મો. ૯૮૨૧૧૫૧૩૬૪) , હરેશભાઈ વોરા (મો. ૯૮૨૧૧૬૦૫૨૯) , અમૃતભાઈ છેડા (મો. ૯૮૯૨૫૬૧૯૬૮) , મૂલચંદભાઈ છેડા (મો. ૯૮૨૧૯૧૧૨૯૯) નો સંપર્ક કરવા ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એક્રરવાલા અહિંસાધામની યાદીમાં જણાવાયું છે.




**પરમ પૂજ્યપાદ પરમહંસ શ્રી સદગુરુ શ્રી રણછોડદાસજી બાપુની પ્રેરણા તથા પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરિચરણદાસ બાપુના આર્શીવાદથી શ્રી પતીત પાવન ભગવાન સેવા સમિતી– રાજકોટ દ્વારા પ.પૂ. શ્રી પતીત પાવન ભગવાનની જન્મજયંતી નિમીતે, ગલ્તાજી-જયપુર (રાજસ્થાન) ખાતે સાધુ-સંતોનો ભંડારો યોજાશે**

સાધુ -સંતો કો ખાતે હુએ દેખતા હું તો એસા લગતા હે કી જાનુ મે હી ખા રહા હું-પૂ. રણછોડદાસજી બાપુના ઉદગાર. પ્રેમ પ્રતીતિ જે ભજૈ, સદા ધરૈ ઉર ધ્યાન, તેહિ કે કારજ સકલ શુભ, સિધ્ધ કરૈ પતીત પાવન ભગવાન. શ્રી સદગુરુ સદન ટ્રસ્ટ (પૂ. શ્રી રણછોડદાસજી બાપુનો આશ્રમ) રાજકોટનો અનન્ય સહયોગ પરમ કૃપાળુ પરમાત્મા શ્રી રામચંદ્ર ભગવાન સ્વરૂપ પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરૂદેવ શ્રી પતીત પાવન ભગવાનનાં આર્શીવાદ તથા પરમ પૂજ્યપાદ પરમહંસ શ્રી સદ્‌ગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુ તથા પરમ પૂજ્ય મહા મંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરિચરણદાસ બાપુની પ્રેરણાથી, પરમ પૂજ્યપાદ પરમહંસ શ્રી સદગુરુદેવ શ્રી રણછોડદાસજી બાપુની આજ્ઞા તેમજ પ્રણાલિકા મુજબ મુજબ પ.પૂ. શ્રી પતીત પાવન ભગવાનનો અષાઢ વદ બીજ નાં દિવસે ખૂબ જ ધામધુમ તથા હર્ષોલ્લાસ સાથે ભંડારો (સાધૂ - ભોજન) કરાવવામાં આવશે. પરમ પૂજ્યપાદ પરમહંસ શ્રી સદગુરુદેવ શ્રી રણછોડદાસ બાપુની આજ્ઞા તથા પ્રણાલિકા મુજબ થતાં આ ભંડારાનું ઘણું જ મહત્વ છે. સર્વે ગુરૂભાઈઓ-બહેનો તથા ગુરૂભકતજનોનાં સાથ સહકારથી, અષાઢ વદ બીજ, તા. ૧૫/૭/૨૦૨૨ ને શુક્રવારના રોજ શ્રી કનક બિહારી મંદિર, ગલ્તા ગેઈટ, જયપુર (રાજસ્થાન) ખાતે થનાર આ ભંડારામા સેંકડો સાંધુ -સંતો પધારશે, તેમજ મોટી સંખ્યામાં ગુરૂભાઈઓ-બહેનો પણ મહાપ્રસાદનો અલભ્ય લાભ લેશે. સમગ્ર આયોજન અંગે રાજકોટ-(શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટ, પૂ.શ્રી રણછોડદાસજીબાપુનો આશ્રમ) નો સહયોગ મળી રહયો છે. સમગ્ર આયોજનમાં દાતાઓનો સહયોગ મળ્યો છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી પતીત પાવન ભગવાન સેવા સમિતી– રાજકોટનાં સુરેશભાઈ ગોળવાળા (મો. ૯૯૨૪૨ ૪૨૭૦૦), ગીરીશભાઈ વસાણી (મો. ૯૯૨૪૪ ૦૦૧૦૮), કનુભાઈ રાચ્છ (મો. ૯૮૨૪૫ ૪૬૩૮૫) સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિશેષ માહિતી માટે શ્રી પતીત પાવન ભગવાન સેવા સમીતી (મો: ૯૯૨૪૨ ૪૨૭૦૦) પર સંપર્ક કરવો.

## મન્થલી માર્કેટ રિપોર્ટ

કોટનના વાયદાઓમાં જૂન મહિના દરમિયાન ગાંસડીદીઠ રૂ.૧,૭૦૦થી રૂ.૬,૦૫૦નો કડાકો

મહિના દરમિયાન સોનાનો વાયદો રૂ.૩૩૦ અને ચાંદીનો વાયદો રૂ.૨,૭૯૫ તૂટ્યો: ક્રૂડ તેલમાં પણ સેંકડા ઘટ્યા: મેન્થા તેલમાં નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૬૭,૦૬૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૪,૭૭,૧૮૨ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૨,૪૩૭ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧થી ૩૦ જૂનના મહિના દરમિયાન ૧૧,૬૬૭,૭૨૦ સોદાઓમાં કુલ રૂ.૧૦,૪૬,૬૮૬.૫૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૬૭,૦૬૭.૫૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪,૭૭,૧૮૨.૨૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪,૪૦૮,૦૦૩ સોદાઓમાં કુલ રૂ.૨,૩૭,૩૬૪.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૫૦,૭૦૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૭૯૭ અને નીચામાં રૂ.૫૦,૧૫૧ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૩૩૦ ઘટી રૂ.૫૦,૫૧૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૩ ઘટી રૂ.૪૦,૫૧૮ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૫,૦૪૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૧૦૮ ઘટી રૂ.૫૦,૭૧૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ મહિનાના પ્રારંભે રૂ.૬૦,૭૫૨ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૩,૦૨૯ અને નીચામાં રૂ.૫૮,૦૦૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨૭૯૫ ઘટી રૂ.૫૮,૩૩૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૯૩૬ ઘટી રૂ.૫૯,૨૮૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨,૯૪૯ ઘટી રૂ.૫૯,૨૯૫ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૮૩,૫૭૫ સોદાઓમાં રૂ.૮૧,૦૬૨.૪૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨૮.૨૦ ઘટી રૂ.૨૦૮.૮૦ અને જસત જુલાઈ વાયદો રૂ.૪૪.૭૫ ઘટી રૂ.૨૮૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૮૦.૮૫ ઘટી રૂ.૬૯૪.૧૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૯.૭૫ ઘટી રૂ.૧૭૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨,૪૬૬,૫૨૯ સોદાઓમાં કુલ રૂ.૨,૪૫,૭૫૧.૭૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો મહિનાના પ્રારંભે રૂ.૮,૭૪૪ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯,૪૪૦ અને નીચામાં રૂ.૭,૯૬૬ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૬૬ ઘટી રૂ.૮,૩૮૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૩.૨૦ ઘટી રૂ.૪૪૭.૭૦ના સ્તરે બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૬,૧૫૩ સોદાઓમાં રૂ.૨,૮૮૮.૭૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૬૦.૦૦ના સ્તરે બંધ થયો હતો. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૫,૩૫૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૦૨૦ અને નીચામાં રૂ.૩૯,૮૨૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૨,૮૧૦ ઘટી રૂ.૪૨,૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૮.૪૦ ઘટી રૂ.૧૦૧૩.૪૦ થયો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૩,૦૧૮.૩૨ કરોડનાં ૧૮૨,૯૦૭.૫૩૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧૪૪,૩૪૬.૩૫ કરોડનાં ૨૩,૬૨૬.૦૪૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૫,૬૦૭.૨૭ કરોડનાં ૧૦૭,૪૬૧,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૫૦,૧૪૪ કરોડનાં ૨૪૬૪૪૨૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨,૫૬૨.૬૬ કરોડનાં ૫૭૨૫૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩૨૫.૯૨ કરોડનાં ૩૧૨૮.૭૬ ટન, રબરના વાયદાઓમાં રૂ.૦.૦૭ કરોડનાં ૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ મહિનાના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૦૦૪.૧૮૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૭.૧૮૯ ટન, ક્રૂડ તેલમાં ૪૬૬૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૭૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૮૫૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૬૪.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર મહિના દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૨,૪૩૬.૬૮ કરોડનાં ૩૩,૮૬૦ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૪૦૫ના સ્તરે ખૂલી, ૨૭૦ પોઈન્ટ ઘટી ૧૪,૧૭૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪૭૭,૧૮૨.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૭૮૦.૯૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૫૮૩.૧૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૬,૯૧૭.૭૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૨,૮૭૨.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

# પાલનપુરમાં યુવકે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરતાં ચકચાર

ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટયા : પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી. પાલનપુર-ડીસા હાઈવે નજીક આવેલી તિરૂપતિ ટાઉનશીપ સોસાયટીમાં રહેતાં એક યુવકે બુધવારે સાંજના સુમારે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે પોલીસ મથકે જાણ કરવામાં આવતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે, પાલનપુર-ડીસા હાઈવે નજીક આવેલી તિરૂપતિ ટાઉનશીપમાં રહેતાં મૂળ દાહોદના હીતેશ



કૌશલ શર્મા (ઉં.વ. આ. ૩૩) પોતાના મકાનમાં બુધવારે સાંજના સુમારે અગમ્ય કારણોસર ગળે દુપટ્ટો બાંધી પંખા સાથે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતાં ચકચાર મચી ગઈ હતી. જયારે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આ અંગે નીતુ હીતેશકુમાર શર્માએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઠેર-ઠેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું, છ હજારથી વધુ ભક્તો માટે ૮૦૦ કિલો મોહનથાળનો પ્રસાદ

# ગાંધીનગરમાં 'હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી' ના જયઘોષ સાથે બે વર્ષ બાદ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળી














ગાંધીનગર

ગાંધીનગરમાં બે વર્ષ પછી ભગવાન જગન્નાથની રથયાત્રા આજે કાઢવામાં આવી હતી. કોરોના કાળના લાંબા અંતરાલ પછી ભગવાન જગન્નાથ નગરની નગરચર્યાએ નીકળતાં ભાવિ ભક્તોમાં અનેરો ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે વરસાદના અમી છાંટણા વચ્ચે જગન્નાથ નગરચર્યાએ નિકળ્યાં હતા. વર્ષ ૧૯૮૫ થી નીકળતી રથયાત્રામાં આજે ૮૪ વર્ષના વૃદ્ધ મહિલા સહિત અનેક ભક્તો દર વખતની જેમ રથયાત્રામાં જોડાયા છે. ગાંધીનગરમાં હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કીનાં જય ઘોષ સાથે નીકળેલી રથયાત્રામાં ૫૦ થી વધુ વાહનો, બે બગી, દ્વિચકી વાહનો તેમજ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો જોડાયા હતા. તેમજ કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ પણ રથયાત્રાની સાથે પગપાળા ફૂટ પેટ્રોલીંગ કરી રહી છે. કોરોનાકાળ દરમિયાન ગાંધીનગરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં નીકળી ન હતી. પ્રથમ વર્ષે એટલે કે, વર્ષ ૨૦૨૦માં પંચદેવ મંદિર પરિશર ફરતે જ રથયાત્રા સીમીત ભક્તો સાથે ફરી હતી. જ્યારે વર્ષ ૨૦૨૧માં પંચદેવથી નિકળેલી રથયાત્રા સેક્ટર ૨૧ વૈજનાથ મંદિરે થઈને પરત ફરી હતી. આ બન્ને વર્ષ પ્રતિકાત્મક રથયાત્રા નિકળી હતી. પરંતુ તેમાં ભગવાનને મોસાળમાં જવાનો લાભ મળ્યો ન હતો.

આ વખતે આજે અષાઢી બીજના દિને ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નગરના માર્ગો પર નીકળી છે. રથયાત્રા પરંપરાગત રૂટ ઉપર પરિભ્રમણ કરીને ભગવાન બપોરે સેક્ટર-૨૯ સ્થિત જલારામ મંદિરે એટલે કે, મોસાળમાં જશે. બે વર્ષ પછી ભગવાન મોસાળામાં જતા હોવાને કારણે જલારામ મંદિરના ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહીં આ વખતે છ હજારથી વધુ ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો માટે ચોખ્ખા ઘીનો ૮૦૦ કિલો જેટલા મોહનથાળનો પ્રસાદ પીરસવામાં આવશે. જે માટે ૨૦૦ કિલો ચોખ્ખું ઘી, ૨૦૦ કિલો ચણાનો લોટ જ્યારે ૩૦૦ કિલો જેટલી ખાંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત ખિચડી તથા છાલવાળા બટેટા ટામેટાનું શાક પણ ભક્તોને પિરસવામાં આવશે. ૬૦૦ કિલો ખિચડી બનાવવા માટે ૪૦૦ કિલો ચોખા, જ્યારે ૨૦૦ કિલો દાળ, શાક માટે ૪૦૦ કિલો બટેટા, ૫૦ કિલો ટામેટા અને ૧૦૦ વટાણાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભક્તો માટે બે હજાર લીટર જેટલી છાશની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો ભગવાન અને ભક્તોની સેવામાં જલારામ મંદિરના ૧૦૦ જેટલા સ્વયંસેવકો પણ ખડેપગે હાજર છે.

### કેન્દ્રની પ્રસાદ યોજનામાં સમાવિષ્ટ ઐતિહાસિક ધાર્મિક સ્થળ રૂપાલનો વિકાસ પણ આયોજનબધ્ધ કરાશે : અમિત શાહ

# અમિત શાહના વરદ હસ્તે ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૨૧૦ કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત

ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઈ શાહે આજે રૂપાલમાં વરદાયિની માતાજીના મંદિરની સન્મુખ યોજાયેલા સમારોહમાં રૂપાલ અને વાસણ ગામના તળાવોના નવીનીકરણ, કલોલ તાલુકાના બે રેલવે ઓવરબ્રિજ તથા વિશ્વ ઉમિયા ધામને જોડતા માર્ગને ફોર ટ્રેક... કરવાના કામનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે કુલ રૂપિયા ૨૧૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે રૂપાલ ઐતિહાસિક ધાર્મિક સ્થળ છે, તેનો આયોજનબદ્ધ વિકાસ થાય એ દિશામાં કામ થઈ રહ્યું છે. રૂપાલ સમગ્ર દેશ અને ગુજરાતનું મહત્વનું યાત્રાધામ બનશે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રત્યેક જિલ્લામાં ૭૫ તળાવોના નિર્માણની હાકલ કરી છે. ગાંધીનગર જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો તો બનશે જ એ ઉપરાંત બીજા ૧૦ તળાવનું નિર્માણ પણ થશે. આમ ગાંધીનગર જિલ્લામાં કુલ ૮૫ તળાવોનું નિર્માણ થશે. તેમણે કહ્યું હતું કે રૂપાલ સુંદર ગામ બનશે. મહત્વનું પ્રવાસનધામ બનશે અને રૂપાલની પલ્લી વિશ્વપ્રસિદ્ધ બનશે એમાં કોઈ બે મત નથી.

શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત વિશાળ જનમેદનીને રથયાત્રાની શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે, આજે ૧૪૫ મી રથયાત્રાના મંગલ અવસરે હું આજે સવારે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની મંગલા આરતી કરીને અત્યારે હું મારા મતવિસ્તારના લોકોના દર્શન કરવા આવ્યો છું. તેમણે કહ્યું હતું કે, એક જમાનો હતો કે રથયાત્રાના દિવસે લોકોના જીવ પડીકે બંધાઈ જતા હતા. હુલ્લડ થાય, તોફાનો થાય, કર્ફ્યુ નાખવામાં આવે એવા દિવસો આપણે જોયા છે. એવા પણ દિવસો આવ્યા હતા કે તત્કાલીન રાજ્ય સરકારોએ રથયાત્રા પર પ્રતિબંધ મૂક્યો હોય. પરંતુ આજે રાજ્ય સરકારના સાથ અને સહકારથી શ્રદ્ધાપૂર્વક ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે. ભગવાન જગન્નાથજીના આશીર્વાદ સમગ્ર ભારતની જનતા પર રહે અને આપણે સૌ સુખી, સમૃદ્ધ અને નીરામય રહીએ એવી પ્રાર્થના સાથે તેમણે વરદાયિની માતાજીના ચરણોમાં પ્રણામ કર્યા હતા. રૂપાલનું પૌરાણિક મહાત્મ્ય ધરાવતા વરદાયિની માતાજીના મંદિરનો ભારત સરકારે 'પ્રસાદ યોજના'માં સમાવેશ કર્યો છે, એમ કહીને તેમણે કહ્યું હતું કે આવનારા સમયમાં રૂપાલનો બેનમૂન વિકાસ થશે. ભારતના નકશામાં વરદાયની માતાજીનું મંદિર મહત્વનું સ્થાન લેશે. ૧૨૦ કિલો ચાંદીથી શ્રી અમિતભાઈ શાહની રજત તુલા કરવામાં આવી હતી, શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, દાતાઓએ ૧૨૦ કિલો ચાંદીનુ જે દાન આપ્યું છે તેનાથી રૂપાલમાં આવેલા જુદા જુદા મંદિરોનો જીર્ણોદ્ધાર કરાશે.

શ્રી અમિતભાઈ શાહે રૂપાલના તળાવના નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત કર્યું એ તળાવનું ક્ષેત્રફળ ૫૫૭૭ ચોરસ મીટરથી વધીને ૩૧,૫૦૦ ચોરસ મીટર થશે. તળાવની આસપાસ વૉકિંગ પાથ બનશે. રમત ગમતના સાધનો પણ હશે. વ્યાયામ યોગ જેવી વ્યવસ્થાઓ પણ હશે. ગામના વડીલો બેસી શકે એવી બેઠક વ્યવસ્થા હશે. જ્યારે વાસણ તળાવનું હાલનું ક્ષેત્રફળ ચોરસ મીટર છે જે વધીને ૧૭,૧૯૨ ચોરસ મીટર થશે. આ બંને તળાવો આગામી સમયમાં પિકનિક સ્પોટ બનશે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, આ તળાવ ગામનો આત્મા બનશે. આ તળાવનું કામ ખૂબ ઝડપથી પૂર્ણ થશે અને આ બંને તળાવોનું લોકાર્પણ કરવા પણ હું આવીશ.શ્રી અમિતભાઈ શાહે પાનસર-ડીંગુચા-વડુ અને લાઘણજ રોડ તથા ગાંધીનગર-વાવોલ-છત્રાલ રોડ પર એમ બે રેલવે ઓવરબ્રિજના કામનું પણ ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. જાસપુરથી પલસાણા-કલોલ , વિશ્વ ઉમિયાધામ સંકુલને જોડતા માર્ગને ફોરલેન કરવાના કામનું પણ તેમણે ખાતમુહૂર્ત કર્યું હતું. પાનસર-ડીંગુચા-વડુ-લાંગણજ રેલવે ઓવરબ્રિજ રૂપિયા ૫૦ કરોડના ખર્ચે નિર્માણ કરાશે અને ગાંધીનગર-વાવોલ-છત્રાલ રેલવે ઓવરબ્રીજ ૫૦ કરોડના ખર્ચે નિર્માણ કરાશે. આ



બંને કામ ૧૮ માસના ટૂંકા ગાળામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

રૂપાલ સૌથી સ્વચ્છ ગામ બને એ માટે પ્રયત્નો કરવા તેમને ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, સ્વચ્છ રૂપાલ અભિયાન અંતર્ગત રૂપાલ ગામમાં દરરોજ ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન કરવામાં આવી રહ્યું છે. કેન્સર જાગૃતિ માટે પણ આ વિસ્તારમાં સારા પ્રયત્નો થઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લાનું બિલેશ્વર ગામ આદર્શ ગામ તરીકે સમગ્ર દેશમાં સૌથી પ્રથમ ક્રમે છે આ માટે તેમણે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન આપ્યા હતા.ગાંધીનગર જિલ્લામાં માર્ચ- ૨૦૨૨ થી કેન્સર અભિયાન અંતર્ગત સર્વે, સ્ક્રિનિંગ અને સારવારની શરૂઆત થઈ છે. આ અભિયાન અંતર્ગત પ્રથમ તબક્કામાં કલોલ તાલુકાના ૬૦ ગામોના અને ગાંધીનગરના નવ ગામોના લોકોને આવરી લેવામાં આવ્યા છે. લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે અને જે દર્દીઓ મળી આવે છે તેને સરકાર તરફથી સારવાર પણ આપવામાં આવી રહી છે. સમયસરની સારવારથી કેન્સરના દર્દીઓનો જીવ પણ બચી શકે છે. શ્રી અમિતભાઈ શાહ આજે રૂપાલમાં આવા ત્રણ દર્દીઓને રૂબરૂ મળ્યા હતા અને તેમના ખબર અંતર પૂછ્યા હતા.

સગર્ભા માતાઓને પોષણયુક્ત આહાર મળી રહે એ માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. તેમનણે કહ્યું હતું કે, અમદાવાદ જિલ્લા ડેરીના સહયોગથી દર ૧૫ દિવસે સગર્ભા મહિલાઓને મગસના લાડુ આપવામાં આવી રહ્યા છે. આ અભિયાનમાં જોડાવા માટે તેમણે જિલ્લાના નાગરિકોને પણ આહવાન કર્યું હતું.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ વરદાયિની માતાજી મંદિર પરિસરમાં આવતાની સાથે જ ગ્રામજનો દ્વારા વરદાયિની માતાજીનો જયનાદ કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ પરિસરમાં ગાડીમાં ઉતરતાની સાથે જ નવીનકરણ થઈ રહેલા મંદિરની સામે જોઈ દર્શન કર્યા હતા. મંદિર પરિસરના પગથિયા પાસે ગામની દીકરીઓ અને ગામના અગ્રણીઓ–ટ્રસ્ટી મંડળના સભ્યોએ કંકુ તિલક કરીને તેમને આવકાર આપ્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી વરદાયિની માતાજીના મંદિરના ગર્ભગૃહમાં ગયા હતા અને આરતી ઉતારીને માતાજીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે મંદિર પરિસરની સામે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગામની પંચવટીમાં કદમ્બનુ વૃક્ષની વાવ્યં હતુ.કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા માટે રુપિયા ૭૦ લાખના વાહનો આપવામાં આવ્યા હતા. જેમાં રૂપાલ ગામને છોટા હાથી અને નારદીપુર, શેરીસા, જાસપુર, ભીમાસણ, ભોયણ મોઠી, ઘમાસણા અને શનાવડ ગામમાં ૭ ટ્રેક્ટર–ટ્રોલી અર્પણ કરવામાં આવ્યા હતા. આ વાહનોને લીલીઝંડી આપીને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગામના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકોનું પ્રેમપૂર્વક અભિવાદન ઝીલ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે રૂપિયા ૬ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન થનાર રૂપાલ ગામના તળાવનું ખાતમુર્હતુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય સ્ટેજ ખાતેથી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે જિલ્લાના રૂપિયા ૨૧૦ કરોડના ૬ વિકાસ કામોનું ઈ-ખાતમુહર્ત – લોકાપર્ણ કરાવમાં આવ્યું હતું. આ કામોમાં રૂપિયા ૯૩.૧૫ કરોડના ૩ કામોનું લોકાર્પણ અને રૂપિયા ૧૧૭ કરોડના ૩ કામોનું ખાતમુહર્તૂ કરવામાં આવ્યું હતું. આ વિવિઘ જનસુખાકારીના વિકાસ કામોમાં કલોલ-પાનસર રસ્તા ઉપર અને ગાંધીનગર-વાવોલ-છત્રાલ રોડ પરના રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર બે રેલ્વે ઓવરબ્રીજનું ખાતમુર્હતૂ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૧૭ લાખના ખર્ચે વિશ્વ ઉમિયાઘામ રોડને ચાર માર્ગીય કરવાના કામનું ખાતમૂર્હતૂ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગાંધીનગર ખાતે રૂપિયા ૮૬ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી કર્મયોગીઓ માટેના ચંન્દ્રશેખર આઝાદ નગરના ૨૮૦ આવાસોનું અને તારાપુર ખાતે રૂપિયા ૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ છ- માર્ગીય ફલાય ઓવર અને રૂપિયા ૫૦ લાખના ખર્ચે ગાંધીનગર સિવીલ હોસ્પિટલ સંકુલમાં નવનિર્મિત સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વાસણ ગામના નવીનકરણ થનાર તળાવનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. તળાવ વિકાસ કામ અંગેની માહિતી મેળવી હતી. તેમજ ગ્રામજનોએ તેમનું ઉત્સાહપૂર્વક અભિવાદન કર્યું હતું.

કાર્યક્રમના મુખ્ય સ્ટેજ પર કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની ૧૨૦ કિલોગ્રામ ચાંદીથી રજતતુલા કરવામાં આવી હતી. આ તમામ ચાંદી કેન્દ્રીય મંત્રીશ્રીએ વરદાયનિ માતાજીના ચરણોમાં અર્પણ કર્યું હતું. તેની સાથે ગામની વયોવૃઘ્ઘ વિવિધ સમાજની ૧૭ બહેનો દ્વારા તેમને પલ્લીનું પ્રતિક આપી આર્શીવાદ પાઠવ્યા હતા. તેમજ વિવિઘ સમાજ અને સંગઠનો દ્વારા પણ કેન્દ્રીય મંત્રીશ્રીનું ફલહાર, સ્મૃતિ ચિહ્નન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી વરદાયનિ માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી નિતીનભાઇ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને વરદાયનિ માતાજી મંદિરના વિવિઘ વિકાસ કામોની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષભાઇ મકવાણા, ગાંધીનગર(દ)ના ઘારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, સાસંદ શ્રી હસમુખભાઇ પટેલ, સાબરમતીના ઘારાસભ્ય શ્રી અરિવંદભાઇ પટેલ, પૂર્વ ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઇ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઇ ભટ્ટ, જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પોલીસ વડા શ્રી તરૂણ દુગ્ગલ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.